# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Friday** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

- ✓ ભારત સહિત સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવી રહ્યો છે.
- ✓ પ્રધાનમંત્રીએ જણાવ્યું કે વિશ્વનાં અનેક દેશોમાં યોગ દૈનિક જીવનનો ભાગ બની રહ્યો છે.
- ✓ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન આપતા નીચલી અદાલતનાં આદેશ પર દિલ્હી હાઇકોર્ટનો મનાઈ હૂકમ.
- ✓ લોકસભાના કાર્યકારી અધ્યક્ષ પદે ભાજપના સાંસદ ભર્તુહરી મહતાબની નિયુક્તિ.
- ✓ ICC ટી-20 પુરુષોનાં વિશ્વકપમાં ભારતે અફઘાનિસ્તાનને 47 રને હરાવ્યુઃ ઑસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને 28 રન થી હરાવ્યું.

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM -YOGA DAY

આજે સમગ્ર વિશ્વમાં 10મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે મુખ્ય

કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ સભાને સંબોધન કર્યું હતું અને યોગ સત્રમાં ભાગ લીધો હતો. તેમણે શારિરીક, માનસિક અને આદ્યાત્મિક વૃધ્ધિમાં યોગનાં મહત્વ પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, વિશ્વનાં અનેક દેશોમાં યોગ એ લોકોનાં દૈનિક જીવનનો ભાગ બની ગયો છે. યોગ આજે સંશોધનનો વિષય બની ગયો છે અને તેનાં પર અનેક સંશોધન પત્રો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે, યોગની યાત્રા અવિરત ચાલુ છે અને વિશ્વનાં તમામ મોટા નેતાઓ યોગની ચર્ચા કરી રહ્યા છે. વિશ્વમાં યોગ વિકસતું જતું અર્થતંત્ર બની રહ્યું છે.

શ્રીનગરનાં ડલ સરોવરનાં કિનારે આયોજિત કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રનાં 7000થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા ઉપરાંત, કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે સહિતનાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશવાસીઓને શુભકામના આપતાં સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવાયું હતું કે, યોગ એ માનવતાને ભારતે આપેલી અનોખી ભેટ છે. દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓએ વિવિધ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આરોગ્ય મંત્રી જેપી નડ્ડા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ તથા માહિતી અને પ્રસારણ ખાતાના સચિવ સંજય જાજુ, કેન્દ્રીય સંસદીય બાબતોનાં મંત્રી કિરણ રિજિજુ, કેન્દ્રીય મંત્રીઓ પ્રહલાદ જોષી, એચડી કુમારસ્વામી અને બીએલ વર્માએ દિલ્હીનાં અલગ અલગ સ્થળોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

લશ્કરના પદનામિત વડા લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને નૌકા દળના વડા દિનેશ કે ત્રિપાઠીએ પણ આજે સવારે યોગ કર્યા હતા. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ સંસદ ભવન ખાતે યોગાભ્યાસ કરી જણાવ્યું હતું કે, યોગ તમામ ધાર્મિક અને સાંસ્કૃતિક સીમાડાઓથી પર છે.

દરમિયાન દેશભરમાંથી યોગ દિવસની ઉજવણીના અહેવાલો આવી રહ્યા છે. BSFના અધિકારીઓ અને જવાનોએ જમ્મુ અને કાશ્મીરમાં આરએસ પુરા સેક્ટરમાં

આંતરરાષ્ટ્રીય સરહદની છેલ્લી પોસ્ટ પર યોગ કર્યા. ભારતીય સૈન્યના જવાનોએ ઉત્તરીય સરહદ પર બર્ફીલા પહાડ પર યોગ કર્યા હતા.

રાજસ્થાનમાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને રાજ્ય મંત્રીમંડળના અન્ય મંત્રીઓએ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં યોગ કર્યા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યપાલ આનંદીબેન પટેલે લખનૌમાં યોગ કર્યા. વિદેશમાં પણ અનેક ભારતીય દૂતાવાસો ખાતે યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

ન્યૂયોર્ક શહેરનાં પ્રતિકાત્મક ટાઇમ્સસ્કવેર ખાતે ગઇકાલે વિવિધ દેશોનાં 10 હજાર લોકોએ યોગ કર્યા હતા. વર્ષ 2015માં યોગ દિવસના પ્રારંભથી દેશ વિદેશમાં યોગનાં પ્રસારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહત્વની ભૂમિકા ભજવી છે અને વિશ્વભરનાં પ્રતિકાત્મક સ્થળોએ ઉજવણી કરી છે, જેમાં દિલ્હીના કર્તવ્ય પથ ઉપરાંત ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રનાં વડામથકનો સમાવેશ થાય છે.

# Kejriwal bail plea

**દિલ્હી શરાબ નીતિ સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન આપતા નીચલી અદાલતના ચૂકાદા પર દિલ્હી વડી અદાલતે મનાઇહૂકમ આપ્યો છે. આ ચૂકાદાને પગલે શ્રી કેજરીવાલ આજે જેલમાંથી મુક્ત નહીં થઈ શકે. ઉલ્લેખનીય છે કે, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ગઈ કાલે શ્રી કેજરીવાલને રૂપિયા એક લાખનાં બોન્ડ પર જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. આ ચૂકાદાને પડકારીને ઇડીએ તાત્કાલિક સુનાવણી કરવાની માંગ કરી હતી.**

# Protem Speaker

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભાજપના સાંસદ ભર્તુહરિ મહતાબને લોકસભાના અધ્યક્ષની ચૂંટણી સુધી કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી શરૂ થશે. લોકસભા અધ્યક્ષની ચૂંટણી 26 જૂને યોજાશે. સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. રાજ્યસભાની બેઠક 27મી જૂનથી શરૂ થશે. સંસદનું સત્ર 3 જુલાઈના રોજ સમાપ્ત થશે.

# FM- PRE BUDGET MEET

નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં ખેડૂત સંગઠનો અને કૃષિ અર્થશાસ્ત્રીઓના પ્રતિનિધિઓ સાથે આગામી સામાન્ય બજેટ પહેલાં બજેટ પૂર્વેનો અંગે પરામર્શ કર્યો હતો. આ બેઠકમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી, નાણા સચિવ ટી.વી. સોમનાથન, મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરન, આર્થિક બાબતોના વિભાગના સચિવ અને કૃષિ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી.

અગાઉ નાણામંત્રીએ નાણાકીય અને મૂડી બજાર ક્ષેત્રના અગ્રણી નિષ્ણાતો, ઉદ્યોગ અગ્રણીઓ અને સંગઠનો તેમજ અગ્રણી અર્થશાસ્ત્રીઓ સાથે પૂર્વ -બજેટ બેઠકો કરી હતી.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો.

# DAY T20 WORLD CUP

T20 ક્રિકેટ વિશ્વકપમાં ઑસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને 28 રનથી હરાવ્યું હતું. બાંગ્લાદેશના નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 140 રનના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ વરસાદથી વિક્ષેપિત મેચમાં 11.2 ઓવરમાં બે વિકેટે 100 રન બનાવ્યા અને ડકવર્થ-લુઇસ-સ્ટર્ન પદ્ધતિ અનુસાર જીત મેળવી હતી.

ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર પેટ કમિન્સ T20 વર્લ્ડ કપમાં હેટ્રિક લેનારો પ્રથમ ખેલાડી બન્યો હતો. ગઈકાલે રાત્રે ભારતે તેના સુપર-આઠ રાઉન્ડમાં અફઘાનિસ્તાનને 47 રનથી હરાવ્યું હતું. આજે અન્ય એક મેચમાં ઇંગ્લેન્ડનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. મેચ ભારતીય સામે મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

# VENETO OPEN TENNIS

**ભારતની અંકિતા રૈના આજે સાંજે ઇટાલીના ગૈબામાં વેનેટો ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની મહિલા સિંગલ્સ ક્વાર્ટર-ફાઇનલમાં સ્વિટ્ઝર્લેન્ડની સુસાન બંદેચી સામે રમશે . આ પહેલા બુધવારે અંકિતાએ પ્રી-ક્વાર્ટર્સમાં રોમાનિયાની ઈરિના બારાને 6-2, 2-6, 6-0થી પરાજય આપ્યો હતો.**

# KALLAKURICHI-KILLED

તમિલનાડુના કલ્લાકુરિચીમાં ઝેરી દારૂ પીવાથી કુલ 165 લોકોમાંથી 47 લોકોના મોત થયા છે અને 118 લોકો વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મીડિયા સાથેની વાતચીતમાં જિલ્લા કલેક્ટર એમ.એસ.પ્રસંતે આજે જણાવ્યું હતું કે, સારવાર હેઠળ ના 118 લોકોમાંથી 6 લોકોની હાલત ગંભીર છે અને 68 લોકોની હાલત સુધારા પર છે.  દરમિયાન આ દુર્ઘટનામાં ધરપકડ કરાયેલા ચારેયને 15 દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

# BANGLADESH PM VISIT

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના આજથી ભારતની બે દિવસીય મુલાકાતે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો ઉપરાંત તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે પણ મુલાકાત કરશે. ઉપરાંત તેઓ વિદેશમંત્રી ડૉ . એસ જયશંકર સાથે પણ મુલાકાત કરશે. દેશમાં નવી સરકાર રચાયા બાદ સુશ્રી શેખની આ પ્રથમ મુલાકાત છે.

# CHENAB BRIDGE

ભારતીય રેલવેએ ગઇકાલે જમ્મુ કાશ્મીરમાં વિશ્વના સૌથી ઊંચા ચિનાબ બ્રિજ પર આઠ કોચવાળી મેમુ ટ્રેનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. રિયાસીથી બારામુલ્લા રેલ સેવા શરૂ થવા તરફનું આ એક મહત્વપૂર્ણ પગલું બનશે.

રેલવે મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યુ છે કે, રામબન જિલ્લાના સંદલગન અને રિયાસી વચ્ચે ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી આ પરીક્ષણ કરવામાં આવું હતું. ચિનાબ બ્રિજના દુગ્ગા અને બક્કલ સ્ટેશન વચ્ચે સૌપ્રથમવાર આઠ કોચની આખી ટ્રેન દોડાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ૨૦મી ફેબ્રુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૪૮.૧ કિલોમીટર લાંબા ઉધમપુર-શ્રીનગર-બરમુલ્લા રેલ લિન્ક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

# Coal Block

સરકાર આજે કોમર્શિયલ કોલ બ્લોકની હરાજીનો 10મો રાઉન્ડ શરૂ કરશે. આ રાઉન્ડમાં 60 બ્લોક ઓફર કરવામાં આવશે. કેન્દ્રીય કોલસા અને ખાણમંત્રી જી કિશન રેડ્ડી હૈદરાબાદમાં હરાજીની શરૂઆત કરશે.

કોલસા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ કોલસાની ખાણો બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં સ્થિત છે. આનાથી પ્રાદેશિક આર્થિક વિકાસ અને રોજગાર નિર્માણમાં મદદ મળશે. વર્ષ 2020માં શરૂ કરવામાં આવેલી હરાજી અંતર્ગત મંત્રાલયે છેલ્લાં નવ રાઉન્ડમાં 107 કોલ બ્લોક્સની સફળતાપૂર્વક હરાજી કરી છે. દેશમાં 11 કોમર્શિયલ કોલસાની ખાણોમાંથી ખાણકામ કરવામાં આવી રહ્યું છે.